






ધનના ધૂમાડે થાય ધમાકા, આવી દિવાળી!
ખરીદે ટિકીટો ખંધાય ખાસ્સા, આવી દિવાળી!
સંબંધો-દબાણો, સંધાય પાસા, આવી દિવાળી!
'ચૂંટણી'માં નવી બંધાય આશા, આવી દિવાળી!
(દિવાળીની શુભેચ્છા)




છે પરિણામ,
તમ ગંદગીનું જ -
ડેગ્યુ મચ્છર..
(કેજરીવાલ મચ્છર)
- ખૂર્શીદ

લજાવ્યો સંઘ,
ગરબડ કરીને -
ગડકરીએ..
(સંઘ-પક્ષ-દ્વિધામાં)

## ચિંતન

**માસિ માસિ સમા જ્યોત્સના પક્ષયોરૂભયોરપિ ।**
**તત્રૈક શુક્લ પક્ષો અભૂદ્યશઃ પુણ્યૈ વાપ્યતે ॥**

'સુદ (શુક્લ પક્ષ) કે વદ (કૃષ્ણ પક્ષ) બંનેમાં ચાંદની તો સરખી જ એમની એમ - એ જ હોય છે આમ છતાં એક પક્ષને અજવાળિયાં કહેવામાં આવે છે તો બીજા પક્ષને અંધારિયાં કહેવામાં આવે છે. ખરખર! યશ તો પુણ્યબળને કારણે જ મળતો હોય છે.'

ભૌગોલિક અને ખગોળશાસ્ત્ર પ્રમાણે સૂર્યોદય અને સૂર્યાસ્ત થતા નથી. તેમજ ચંદ્રોદય અને ચંદ્રાસ્ત પણ થતા નથી એમનું સ્થાન આકાશમાં નિશ્ચિત જ છે પણ પૃથ્વીના ફરવાથી તેમનો ઉદય અને અસ્ત દેખાય અથવા નાના-મોટા થતાં દેખાય છે એ માત્ર દૃષ્ટિકોણ કે દૃષ્ટિકોણનું જ કારણ છે.

પણ આપણે તેને દિવસ-રાત, અંધારિયા-અજવાળિયા - અમાસ-પૂનમ થઇ કહેતા રહીએ છીએ હકીકતમાં તેમનાં વધ-ઘટનાં કોઇ કારણ જ નથી.

પૂણ્ય બળને કારણે જ ચંદ્રને અમાસ-પૂનમના નામ મળે છે.

## સુવિચાર

- શંકાનો જન્મ હૃદયની ચંચળતામાંથી થાય છે, જયારે શ્રધ્ધાનો જન્મ અટલ આત્મવિશ્વાસ અને શુધ્ધ-પ્રેમમાંથી થાય છે. શ્રધ્ધા અને શંકા બંને એક સ્થાનમાં, સાથે રહી શકે નહીં **- જેમ્સ એલન**
- અડગ શ્રધ્ધા જ મનુષ્યને સિધ્ધિનાં શિખરો સર કરાવી શકે છે **- નેપોલિયન**
- કોઇ મનુષ્યએ કહેલું હોય કે કોઇ ગ્રંથમાં લખેલું હોય એને 'સત્ય' માની લેવું જરૂરી નથી, જાત અનુભવ વિના સત્ય સ્વીકારવું નહીં, સત્યમાં શ્રધ્ધા રાખવી પણ અંધવિશ્વાસ ન મૂકો **- સ્વામી વિવેકાનંદ**
- શ્રધ્ધા અને વિશ્વાસ વિના થતું કોઇ પણ કામ બોજ બની જાય છે- **શરદબાબુ**
- શ્રધ્ધાવાન વ્યક્તિનો વિશ્વાસ અડગ હોય છે તેઓ નિશ્ચિત કરેલાં કાર્ય-ધ્યેયથી ચલિત થતા નથી **- એસ. ભટ્ટાચાર્ય**
- કોઇની શ્રધ્ધાને ડામાડોળ કરવાનો પ્રયત્ન ન કરશો, તેને સત્યમાર્ગ બતાવી મદદરૂપ થવા પ્રયત્ન જરૂર કરજો **- સ્વામી ચૈતન્ય**

## બોધ કથા

આજે સાધુ-સંતો-બાપુઓ ઉદ્યોગપતિ, ધનિકોને ખૂબ માન-પાન આપી તેમનું સન્માન કરે છે એનાં બદલામાં સંતોને તેમના તરફથી 'મોટાં ડોનેસન'ની અપેક્ષા હોય છે. આ એક જાતના 'ધંધાકીય' વહેવાર જ છે જો સંતને 'ઇશ્વર' પર સાચી શ્રધ્ધા-વિશ્વાસ હોય તો આશ્રમ બાંધ્યા વિના ઝૂંપડીમાં રહીને પણ એ 'સમાજ' ને જે આપતા માગતા હોય તે જરૂર આપી જ શકે! - પણ એમને 'ઇશ્વરમાં' સાચી શ્રધ્ધા નથી એટલે 'ઉદ્યોગપતિ' પાસે માગે છે.

મુસ્લિમ સંત રાબિયા તદ્દન ગરીબ દશામાં અમીરી ભોગવતાં હતાં એમની મિલ્કતમાં પાણી પીવાનો એક લોટો અને એક ખાવાનું પાત્ર પથારીમાં એક જૂનું કંતાન અને ઇંટનું ઓશિકું જ હતાં. એક અમીર ઉમરાવ તેમના દર્શનાર્થે આવ્યો એમની સાદગી-નમ્રતા જોઇને ખૂબ પ્રભાવિત થયો. ઉમરાવ કહે આપ જો ઇચ્છો અને મને રજા આપો તો રાચરચીલાં સહીત આપને બેક નિવાસ સ્થાન બનાવી આપું!

રાબિયા કહે જો ભાઇ ઇશ્વર સમદૃષ્ટિ છે તને જેણે આપ્યું છે તે મને શું નહીં આપે? આપનારો એ એક જ ખૂદા છે..

# નવા વર્ષે આપણું જીવન વધુને વધુ સુખમય બને એ જ અપેક્ષા સાથે આપણે ગત વર્ષને વિદાય કરીએ છીએ, અને આતશબાજી કરીને નવા વર્ષને આવકારીએ છીએ...

## સબરસ લે લો, સબ રંગ ભર લો - વિચારયાત્રા

- જય ઓઝા

એક સમય હતો કે જ્યારે બેસતા વર્ષના દિવસે વહેલી સવારે 'સબરસ લે લો...' સબરસ લે લો...'ની બૂમ મારતા ફેરિયા નીકળતા.. 'સબરસ' એટલે મીઠું - નમક, કોઈપણ વસ્તુમાં જો મીઠું ન હોય તો કોઈ જ સ્વાદ ન આવે.. આ જ કારણે મીઠું સબરસ તરીકે પણ ઓળખાય છે. બધા જ રસોનો જેમાં સમાવેશ થઈ જાય તે સબરસ.

વહેલી સવારે 'સબરસ'ના બે ત્રણ ગાંગડા શકનના નામે સૌ લેતા... આજકાલ હવે નૂતન વર્ષે આવી સબરસ લે લો..ની બૂમ નથી સંભળાતી...


દરેક વિતેલું વર્ષ આપણી માટે કડવી- મીઠી - તીખી સ્મૃતિઓ છોડીને જાય છે... આવનારૂં વર્ષ પણ આવા જ સબરસથી ભરપુર રહેવાનું છે. જીવનમાં સબરસ દરેક રસ પીવાનું જોમ હોવું જોઈએ...

આપણે 'આશાવાદી' છીએ... ગમે તેટલી મુશ્કેલીઓ, મોંઘવારી, ભ્રષ્ટાચાર, બેકારી જેવા અનેક રાક્ષસો માથે ઝળુંબતા હોવા છતાં... આપણને સુખની આશા, દરેક દુઃખોની વૈતરણી પાર કરવાની ક્ષમતા આપણા 'આશાવાદી' અભિગમના કારણે મળે છે.

નવા વર્ષે આપણું જીવન વધુને વધુ સુખમય બને એ જ અપેક્ષા સાથે આપણે ગત વર્ષને વિદાય કરીએ છીએ. અને આતશબાજી કરીને નવા વર્ષને આવકારીએ છીએ...

જિંદગી સબરંગી હોવી જરૂરી છે. તો જ સબરસને માણવાની આવડત આવશે. દુઃખ, પીડા, યાતના, મુશ્કેલી, બધા રસ આગામી વર્ષે આવવાના જ છે. જીવનની સાર્થકતા એમાં જ છે કે જો આપણે આપણો સ્વભાવ જળવત રાખીશું તો સર્વ રસોની એક રસતા પામી શકીશું. પાણીને જે પાત્રમાં નાખીએ તે એવા જ પાત્રનો આકાર ધારણ કરી લે છે. જળવત બનીને સમયના પ્રવાહ સાથે તાલમેલ સાધતા આવનારી દરેક પરિસ્થિતિ અને સંજોગો અનુસાર આપણું વ્યક્તિત્વ ECO SITUATIONALY બનાવી દેવું આવશ્યક છે. જેવું પાત્ર તેવો આકાર. જેવી પરિસ્થિતિ તેવું તેને અનુકૂળ વ્યક્તિત્વ બનાવી દેવાથી ગમે તેવા પડકારો આપણે જીલી શકીશું.

**દિવાળીની મીઠાઈઓ અને ફરસાણની જે હાટડીઓ દેખાય છે, તેવી રીતે ઘરનો ખાલીપો ભરી દે તેવા નિઃસ્વાર્થી સંબંધોની કે માયાળું સથવારાની પણ ગીફ્ટ પેક મળે તેવી વ્યવસ્થા હોવી જોઈએ**




જીવનની પૂર્ણતા અને પશુતા બંને શરીરથી જ શરૂ થાય છે અને શરીરનો દોરી સંચાર તો આપણું મન જ કરતું હોય છે ને! તન તંદુરસ્તી સાથે મન -દુરસ્તીનો સમન્વય થાય તો (six pack) નું મહત્વ છે. નહીંતર WWF ના દરેક ફાઈટરની પૂજા થતી હોત..

પોઝીટીવ એનર્જી સાથે નવા વર્ષે દરેક પડકારોની એસી કે તેસી કરી નાખવાની વૃત્તિ સાથે આગળ વધીએ.

આસુરી, શક્તિઓ સામે વિજય પ્રાપ્ત કર્યા, પછી શ્રીરામ અયોધ્યામાં આવ્યા ત્યારથી દિપાવલીનો તહેવાર ઉજવવામાં આવે છે.

દિપ પ્રજ્જવલ પરોક્ષ રીતે આપણા હૃદયમાં પણ થાય તે જરૂરી છે. અન્યથા હૃદય સળગવું અને હૃદયમાં દીવા પ્રગટ થવા આ બંનેમાં આભ જમીનનો તફાવત છે.

આપણે અત્યારે અનેક પ્રકારની માનસિકતા, આર્થિક અને સામાજિક વિટંબણાઓથી ઘેરાયેલા છીએ. દૂર દૂર સુધી નજર કરીએ ત્યારે ઘોર નિરાશા સિવાય કશું દૃષ્ટિગોચર નથી થતો...

સંબંધોના સરોવર સૂકાતા જાય છે. આત્મીયતા લોકોની ગણતરી વડે ગણાય તેટલી પણ રહી નથી. પૈસા તો કદાચ ખૂબ મેળવી લઈશું પરંતુ, સાથે બેસીને તેને માણવાવાળા પોતાના લોકો કહેવાય તેવા ઘણા ઓછા રહ્યા છે.

દિવાળીની મીઠાઈઓ અને ફરસાણની જે હાટડીઓ દેખાય છે. તેવી રીતે ઘરનો ખાલીપો ભરી દે તેવા નિઃસ્વાર્થી સંબંધોની કે માયાળું સથવારાની પણ ગીફ્ટ પેક મળે તેવી વ્યવસ્થા હોવી જોઈએ.

૬૦૦ રૂપિયા કાજૂકતરી ખવરાવીને આપણે બેસતા વર્ષે સામાવાળા પાસેથી શું અપેક્ષા રાખીએ છીએ? કે તે આપણા ઘરમાં થોડોક સમય તો થોડો સમય પણ ઉર્જા લઈ આવે, આપણી એકલતા દૂર કરી દે તેની ક્ષણો લઈ આવે અને પછી, તે ક્ષણોની સ્મૃતિઓ દઈ દે, કે જના સથવારે આપણે વળી પાછું આખું વર્ષ નીકાળી દઈએ.

વાસ્તવમાં જોવા જઈએ તો આપણે સહું આત્મીયતાના ભૂખ્યા છીએ... પરંતુ, જેવું આપીશું તેવું જ પામી શકીશું... જેટલા બને તેટલા હકારાત્મક અભિગમ સાથે લોકોનું તથા પરિસ્થિતિઓનું આકલન કરીને જતું કરવાની ભાવના કેળવશું તો, આપણો મન ઝુરાપો દુર થશે...

છેલ્લા કેટલાય સમયથી દિવાળી ઉજવવાની આપણી પેર્ટન બદલાઈ ગઈ છે, દિવાળીની રજાઓમાં આપણે બહારગામ ભાગી જઈએ છીએ... અહીંયા રહેતા જ નથી.. ઘરમાં રહેવાનું જ નહીં ને! કોઈને જવાની કે કોઈને આપણા ઘરે આવે તે ઝંઝટ જ ન રહે, આપણી સંસ્કૃતિ ને આપણે ભૂલી રહ્યા છીએ... આપણા આ બધા તહેવારો આપણને મોનોટોનસ જિંદગીમાં કાંઈક નાવિન્ય અપવા માટેના છે... પરંતુ આપણે તો ઉત્સવોને પણ સુદિત બનાવી દીધા છે.

'સબરસ લે લો... ' સબ રંગ જીવન મેં ભર લો... ની બૂમો તો ઉપરવાળો સતત પાડે જ રાખે છે, ઈશ્વર જાણે છે કે ગુલાબના સૌંદર્યની સાથે તેના કાંટાનું પણ મહત્વ જાણો. કાજુકતરીના ગળપણ સાથે કડુકરીયાતુ ના ગુણને પણ સમજો...

નવા વર્ષે સંકલ્પ કરીએ કે તન દુરસ્તી માટે જો જીમમાં જવાની આવશ્યકતા લાગતી હોય તો, મન - મન અને તન બંનેનું તાદાત્મ્ય જળવાશે તો જીવનની મધુરિમા ખોરવાશે નહીં...

સહુ વાચકોને નૂતન વર્ષના અભિનંદન...

ગયું વર્ષ ગમે તેવું ગયું, આવતું વર્ષ ગમે તેવું જાય...

# પુરૂષને સ્ત્રી વગર આયખું કાઢવું કેટલું કપરૂં હોય છે! પુરૂષ વગર સ્ત્રી તો જિંદગી પાર ઊતરી શકે, કારણ કે એને કુદરતે ઘરની રાણી તરીકે જ ઘડેલી છે

## સારસ વાર્તા

- કેશુભાઈ દેસાઈ

ઘણી કોશિશ કરૂં છું તને ભૂલી જવા - પણ સાડા પાંચ વરસ પછીય વળી વળીને તું જ પાછી મારા મનનો કબજો લઇ છે છે નીવું! ફરી પાછી આજે એક વિચિત્ર ઘટના બની. તારો લાડકવાયો જુગલો સ્કૂલેથી પાછો આવીને કહેવા લાગ્યો : 'પપ્પા, આજે અમારે નવી ટીચર આવી! રૂબી મેમ!'

'એમ?' મેં એને અવગણ્યો એવું ના લાગે એટલા સારૂં અમસ્તુ જ પૂછ્યું : 'કેવી છે તારી નવી ટીચર?' 'બહુ જ રૂપાળી છે! આકાશની પરી જેવી મીઠડી છે મારી રૂબી મેમ.' એની આંખો પહોળી થઇ ગઇ. જાણે પેલી આકાશ પરીને ટીકી ટીકીને નીરખી રહ્યો હોય એમ એણે ઉમેર્યું : 'સાચ્ચું કહું પપ્પા, એના જેવી સુંદર છોકરી આખા અમદાવાદમાં જડવી મુશ્કેલ!'

એના આનંદનું અક્ષયપાત્ર નંદવાય એવું કશું પણ મારે શું કામ કરવું જોઇએ? મેં એને અભિનંદન આપતાં કહ્યું, 'જુગલ બેટા, તને તો મજા પડી જવાની હવે! ક્યારેક મને પણ બતાવજે તારી નવી મેમ!'

હજી છેલ્લા શબ્દો બોલી રહું એ પહેલાં તારો જુગલ દીકરો મારા ગળા ફરતે એના કુમળા હાથ વીંટાળી દઇ ઓશિયાળી નજરે મારી સામે ટગર ટગર ટીકી રહ્યો. થોડીવાર અમારી વચ્ચે મૌનનો અદીઠ પડદો છવાઇ રહ્યો. પછી એણે ધીમે રહીને શું કહ્યું, ખબર છે?

'- પપ્પા!' એણે મને લાડ કરતાં કરતાં ઠાવકી થઇને સપનામાં આવી અવારનવાર તું પૂછતી હોય છે એમ પૂછ્યું : 'સ્કૂલમાં નવી ટીચર આવે તો ઘરમાં નવી મમ્મા કેમ ના આવી શકે?'

મારી પાસે એનો ઓચિંતો હુમલો ખાળવાની કોઇ જ ઢાલ નહોતી નીવા! ખૂબ કોશિશ કરી, છતાં ડબ... ડબ કરતાં આંસુ ખરી પડ્યાં. તારા લાડલાએ એનાં કૂણાં કૂણાં ટેરવાં વડે એ આંસુ લૂછતાં કહ્યું, 'હેં, પપ્પા, મારી નવી મેમને આપણે આપણા ઘરનાં ના રાખી શકીએ? બિચારી કહેતી હતી : 'સિટીમાં ક્યાંક સારૂં મકાન જ નથી મળતું.' એ આશાભરી નજરે મારી સામે જોવા લાગ્યો.

- બાળક છે ને હજી! માંડ સાત વરસનો થયો છે હવે. તું તો એને રામ ભરોસે છોડી દઇને ચાલી ગઇ, પણ હું એને થોડો તરછોડી શકું એમ હતો? સાચું કહેજે, તને એની મા તરીકે પૂછું છું - શું એની કાલી કાલી બોલીમાં તું જ નથી ટહુકતી? આ આવડું વેંતનું છોકરૂં સગા બાપને નવી મા લાવવાનું કહે, ત્યારે મારે શું સમજવું? મને લાગે છે - જરૂર તું જ એની જીભે ચડીને બોલતી હોવી જોઇએ. એને થોડી સમજ પડે કે પુરૂષને સ્ત્રી વગર આયખું કાઢવું કેટલું કપરૂં હોય છે! પુરૂષ વગર સ્ત્રી તો જિંદગી પાર ઊતરી શકે, કારણ કે એને કુદરતે ઘરની રાણી તરીકે જ ઘડેલી છે. રાજા વગર પણ એ આરામથી જીવી શકે. અંદરની આગ આંસુ જળ વડે ઠારી શકે. પુરૂષજાતને તો રોવાની પણ છૂટ નહીં. રડીએ તો લોક દયા ખાવાને બદલે નફરત કરે. કહેશે : માળો સાવ બાયલો છે. બૈરી પાછળ તે રોવાતું હશે!'

એક જમાનો હતો નીવુ, આપણા જ કુળમાં પગરખાંની જેમ પુરૂષો બૈરાં ભેગાં કર્યા કરતા. પહેલી સ્ત્રી હયાત હોય તોય શોખ ખાતર - સમાજમાં વટ પાડવા બીજી લાવતા. આપણા પૂર્વજો બહુપત્નીત્વની પ્રથાને ખાનદાનીનું છોગું ગણતા હતા. તને ખબર ન જ હોય : હજી તો પોટલું બાંધેલો તારો દેહ નનાની પર પણ નહોતો ગોઠવાયો ત્યાં મારા ખભે હાથ દઇને કુટુંબના મોભી એમની ઠાવકી ભાષામાં મને સધિયારો આપી રહ્યા હતા! 'બહુ ખોટું થઇ ગયું છ ભઇલા! કુદરત રૂઠે ત્યાં આપણા જેવા પામર માણસનું ચાલવાનું પણ શું? ભગવાને બિચારી નીવુડી સાથે બહુ અન્યાય કર્યો... કોણ જાણે એને એ ગરીબડી ગાવડી પર આવો કાળો કેર વરતાવવાનું કેમ સૂઝ્યું! એનાં પરભવનાં કરમ નડ્યાં હોય તે બનવાજોગ. પણ આપણને નવરા કરતી ગઇ એનું શું? મૂઇને એના આ ધાવણા-જુગલાનીય દયા ન આવી! અડધી વાટે હીંડતી થઇ ગઇ!'

કોઇએ એમનો ટોક્યા પણ ખરા : 'એને તો ઘણુંય જીવવું હતું. આખા કુટુંબનો બોજ એના શિરે હતો. ચોવીસ કલાક ઓછા પડતા હતા બાપડીને... કેટલી હડિયાપટ્ટી કરતી રહેતી - સવારે ઊઠતી તે છેક મધરાત લગી મંડી રહેતી... અંજળ પૂરાં થયાં બાપ! નકર આ તે કાંઇ મરવાની ઉંમર હતી એની? બાપડી રામાપીરની બાધા કરવા ગઇ'તી... વળતાં અધવચ્ચે જ ટેન્કરની હડફેટે ચડી, એમાં એનો શો વાંક? સાજી નવરી ગઇ'તી ને પોટલું થઇને પાછી આવી...

પછી બેઉ વડીલોએ મારી દયા ખાવા માંડી હતી : 'આ છોકરાને વગર ગુનાની સજા કરતી ગઇ - એનું શું? હજી તારી લોહીથી લથબથ કાયા નનામીએ ચડીને ઉંબરો ઓળંગે એ પહેલાં તો મારા પર નજરકેદનું ફરમાન લાગુ થઇ ગયું હતું. 'તારે મસાણિયે નથી આવવાનું ભઇલા... જનારૂં જતું રહ્યું છે. હંસલો ઊડી ગયો છે. આ તો માટી છે. એની ખોટી માયા છોડ અને રામ રામ કર!'

નનામી ઊપડી. તને ખોળામાં સુવાડીને પંપાળતો હાથ આખરે તને ઊંચકવા લંબાયો ત્યાં પાછા પેલાં કુટુંબી વડીલો આડા ફાટ્યા : 'તારે મસાણિયે નથી આવવાનું. છાનોમાનો રામ રામ કર!'

મેં એમની સૂફિયાણી સલાહ ન માની એટલે છગન દાદા બગડ્યા : 'અલ્યા હાંભળો છો? આને ઘરમાં પુરીને તાળું મારી ઘો! મોટો વેરાગી ના જોયો હોય તો... કાલે હૈ હારાં વાનાં થશે. અંજળ જાગશે તો ફરી શરણાઇઓ વાગશે... ' અગોચર ક્ષિતિજ ભણી ઊડી જતી સારસીને એનો સારસ થોડો રોકી શકે? મને બળજબરી પૂર્વક રોકી રાખ્યો ત્યારેય નીવુ, તું તો મૂંગી મૂંગી પારકાંની કાંધે ચઢીને...

# જયંતિભાઈ ધોકાઈ સરકારી નિયમોથી ભલે નિવૃત્ત થયા છે, પણ, હજુ પ્રવૃત્ત છે, તે બાબત યુવાનોએ ધડો લેવા જેવી છે


૧૯૭૦માં કાવ્યસંગ્રહ 'ગુંજન' અને 'પરોઢ'નું સંપાદન, ૧૯૮૩માં તંત્રીશ્રી જ્યંતિભાી ધોકાઈનો હસ્તલિખિત સાઈકલો સ્ટાઈલ અનિયમિતકાલિક અંક 'વાંચન' ભાવનગરમાં મને મળ્યો હતો. ત્યારેથી તેમને અંતરથી મળવાના શ્રીગણેશ થઈ ચૂક્યા હતાં. ઘણા બધા સર્જક મિત્રો પ્રત્યક્ષ નથી મળી શકતા પણ પરોક્ષ રીતે ફોન પત્રથી અવારનવાર મળતાં રહ્યાં છે.

ગોળાઓ તો સળગ્યા જ કરતાં હોય છે, પણ જામનગર જિલ્લાના છેવાડે ઓખા જેવા નાનકડાં ગામમાં ટમટમિયું બની અન્યને અજવાળ્યાં કરવું. એ નાનીસુની વાત નથી. તા. ૭-૯-૧૯૩૫માં જન્મેલા અને હાલ ૭૭ વર્ષની જીવનયાત્રા વટાવી ચૂકેલા સંવેદનાથી ભરપુર હજારો વિદ્યાર્થઈઓના આદરણીય ગુરૂવર્યશ્રી જ્યંતિભાઈ ધોકાઈને શિક્ષણક્ષેત્ર માંથી નિવૃત્ત થયાને પણ ૧૯ વર્ષના વાયરા વાઈ ગયા ચે. શિક્ષણ યાત્રામાં છેલ્લે ૧૪ વર્ષ સુધી બેટની (શંખોધ્ધાર) માધ્યમિક શાળામાં આચાર્ય પદ શોભાવ્યું હતું. નિઃસ્પૃહી બની પોતે ઘસાઈને બીજાને ઉજળા કરવાએ ઘણું કઠિન કાર્ય છે.

પરિવાર, વ્યવસાયની વચ્ચે શબ્દની ઉપાસના તો આવા વીરલા જ કરી શકે.

## અંતરથી મળ્યા આચાર્ય, કવિ, લેખક જ્યંતિભાઈ ધોકાઈ મોંઘેરા મોતી

- નટવર આહલપરા



પોતાના ખર્ચે પુસ્તકો છપાવવાએ પ્રસુતાની પીડા જેવું કામ છે. અકાળે કરમાઈ ગયેલાં ફુલસમા પુત્રની સારવાર કારગત ન નિવડે ત્યારે એ પિતા જયંતિભાઈ ઉપર શું વીતી હશે? છતાં સરસ્વતી સાધના ન છોડનાર આ સર્જક લઘુ કાવ્યો, લઘુકથા, પ્રસંગ કથા, વાર્તા, ચરિત્ર, ચિંતન અને સંપાદન ખેડાણ કર્યા જ કરે. એ એક ક્રિએટીવ માણસ જ કરી શકે ભાઈ!

૭૭ વર્ષની વયે આંખે બરાબર સુજે નહીં. છતાં વર્ષ-૨૦૧૧ 'એક ક્ષણની કથા' પુસ્તક પ્રગટ કરે. ૨૮ પ્રસંગ કથાઓ ઉતારે અને પુસ્તક ભાવથી મોકલે. મારું કોઈ લૂંટી જશે તો? મારાને સાચવીને બેસનારાંની નજર તો પોતા સુધઈ પહોંચતી હોય છે. પણ, આ સર્જકે મારું શું? એવી લાલસા રાખી નહીં હોય. એવું એમના વ્યક્તિત્વમાંથી દેખાઈ આવે છે. પ્રખર શિક્ષણશાસ્ત્રી, મનોચિકિત્સક ડો. મોહનભાઈ પંચાલને મેં પૂછેલું કે, 'જે વૃદ્ધ ક્રિએટીવ નહીં હોય, તેનું શું થતું હશે?' પણ, શ્રી જયંતિભી આજે પણ સક્રિય છે. શારીરિક મર્યાદાઓ વચ્ચે તેઓ ધબકી રહ્યાં છે. 'વાચન' પત્રિકા લવાજમ લીધા વિના વર્ષો સુધી હજારો સાહિત્ય પ્રેમીઓને પહોંચાડવાની એમની ઉમદા ભાવનાને લાખો સલામ છે. બાલ સાહિત્યમાં પણ એમનું પ્રદાન રહ્યું છે. 'અમથાલાલના જાંબુ' અમર બાળ વાર્તાઓના સંગ્રહમાં સંગ્રહિત થાય તો બીજી બાજુ ધોરાઈ સાહેબે લખેલી અંગ્રેજી કવિતા 'પોએટ્સ ઈન્ટરનેશલ' નામના અંગ્રેજી સામાયિકમાં પ્રસિદ્ધ થાય. ઉપરાંત ૩૫ વર્ષ સુધી આકાશવાણી-રાજકોટ ઉપરથી હળવી શૈલીના વાર્તાલાપ, નાટકો પ્રસારીત થાય. તે બાબતો જ તેમનાં ભર્યા ભર્યા જીવનની સાક્ષી પૂરે છે.

તેમની વાર્તા સાંપ્રતની સમાજની પૂડાને લાઘવમાં રજૂ કરે છે. જયંતિભાઈ ધોકાઈ સરકારી નિયમોથી ભલે નિવૃત્ત થયા છે. પણ, હજુ પ્રવૃત્ત છે. તે બાબત યુવાનોએ ઘડો લેવા જેવી છે. ધબકતા આ માનવ સૌ વર્ષનો ટેનિયર તંદુરસ્તીથી પૂર્ણ કરે. તેવી શુભેચ્છાઓ.


## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

**૧૩મી નવેમ્બર**

- ૧૯૧૩ - કવિતા અને દીર્ઘ નવલિકાનાં લેખક 'સ્વપ્નસ્થ'ની આજે જન્મજયંતિ. એમનું મુળ લક્ષ્મીનારાયણ વ્યાસ હતું.

  અચલા, વિનાશનાં અંશો, મામા તેમના કથાકાવ્યો અને શોધ તેમની લાંબી વાર્તા હતી.
- ૧૮૫૦ - બ્રિટનનાં પ્રખ્યાત લેખક લૂઇ સ્ટીવન્સનો જન્મ.
- ૧૯૨૭ - વસાવડ ખાતે જન્મેલાં અને ગોંડલ નિવાસી કવ નિબંધકાર ગજેન્દ્રરાય બૂચનું સૂરત ખાતે અવસાન.
- ૧૯૧૩ -



રવીન્દ્રનાથ ટાગોરને ગીતાંજલિ પુસ્તક માટે નોબેલ પ્રાઇઝ મળ્યું.

- ૪૧ જેટલાં ચિરંજીવી પુસ્તકો આપનારા મર્મી - આધ્યાત્મિક કવિ મરકન્દ દવેનો જન્મદિન.

  એવોર્ડ લક્ષી નહિ આત્મલક્ષી સર્જન કરનારા આ કવિએ કાવ્યો, ગઝલ, ભજન અને અનુવાદ પણ કર્યાં.